# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૯/૦૬/૨૦૨૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૭૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૪૭ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૨ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૫૭ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૧૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૭૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૮૭૬/૨૦૨૫**

**સેટેલાઈટઃ** રૂમાના વા/ઓ મોહમદ પરવેજ બારેજીયા (ઉ.વ.૩૭) (રહે. પોસ્ટલ સોસાયટી માર્વેલ બેકરી પાસે વેજલપુર) એ તા.૨૮/૦૬/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આલોક યોગેન્દ્ર રામપાલ (૨) લક્ષ્મી વા/ઓ આલોક રામપાલ (બન્ને રહે. કલાઉન્ડ-૯ નહેરૂનગર સેટેલાઇટ રોડ) અને કંપની કર્મચારી ૩) મીરા દવે એ ભેગા મળી શ્યામલ ક્રોસ રોડ શ્યામલ આઇકોનીક ઓફીસ ખાતે સકસેસ હાઈફલાયર ગ્લોબલ ઈમીગ્રેશન સર્વિસ નામની ઓફીસ ધરાવી રૂમાના બારેજીયા નાઓને વિશ્વાસમાં લઈ કેનેડા ખાતેના પી.આર વિઝા આપવાના બહાને પ્રોસેસ પેટે રૂપિયા ૨૦,૭૫,૦૦૦/- મેળવી લઇ, વિઝા નહી કરાવી તેમજ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.દુધરેજીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૭૭/૨૦૨૫**

**નરોડાઃ** આકાશભાઇ સ/ઓ વિક્રમભાઇ પટેલ (ઉ.વ.૩૦) (રહે. સુર્યાશવિલા બંગ્લોઝ, બીલાસિયા બસ સ્ટેન્ડ સામે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૫ કલાક ૦૧/૦૦ થી કલાક ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની કંઠી કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાની વિંટી કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી પી.જે.જોરા ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૮૭૮/૨૦૨૫**

**ગુજરાત યુનિવર્સિટીઃ** ચંદ્રવદન કિશોરચંદ છાયા (ઉ.વ.૬૭) (રહે. શ્લોક એપાર્ટમેન્ટ ચન્દ્રવિહાર સોસાયટી જાનવી રેસ્ટોરન્ટની ગલીમાં પાંજરાપોળ ચાર રસ્તા પાસે) એ તા.૨૮/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૨૫ થી તા.૧૨/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાંથી સોનાની બુટી ચાર જોડી, નાકની ચુની નંગ–૪ તથા સોનાની વીંટી નંગ–૨ રોકડ રૂપિયા ૬,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૬,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.મનાત ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૭૯/૨૦૨૫**

**સરખેજઃ** જયાબહેન વા/ઓ ધર્મેશભાઇ મકવાણા (ઉ.વ.૨૩) (રહે. તલાવડી પાછળ, પ્રજાપતિવાસ, આઝાદનગર, ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૫ બપોરના ૦૪/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી ‘એમ’ ડિવીઝન ચલાવે છે.

**નિકોલઃ** રાજુભાઇ તુલસીભાઇ નાઇ (ઉ.વ.૪૮) (રહે. અભિલાષા રેસીડન્સી અટલ એપાર્ટમેન્ટની બાજુમાં નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૫ બપોરના ૦૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી